# વ્યક્તિગત પરિચય

ગીરધર રૂપાભાઇ વસાવા મું અમીયાર તા. સાગબારા જી. નર્મદા મારી વ્યક્તિગત કાર્ય ની શરૂઆત . હું આદિવાસી સમાજના ગરીબ પરીવારથી છું.૧૯૮૪ ના વર્ષમાં ધોરણ -૧૦ માં અભ્યાસ કરતો તે દરમ્યાન શંકર મહારાજ જે મારા ઘરે આવ્યા અને મારી સાથે થોડા દિવસ રહ્યા અને તે જતા રહ્યા પછી થોડા મહીના બાદ ફરી મારા ઘરે આવ્યા અને મારા ઘરની ખરાબ પરિસ્થિતિ જોઇને શંકર મહારાજ ખુબ જ દુ:ખી થયા અને તેજ દિવસે તારીખ ૧૦ મેં ૧૯૮૪ના દિવસે ડેડીયાપાડા ભારત સેવાશ્રમ (હિન્દુ મીલન મંદિર ) ખાતે લઇ ગયા અને ત્યાના સંચાલક સ્વામીજીશ્રી ગૌરંગ મહારાજ તથા વિનોદભાઇ કૌશિકભાઇ એમની સાથે મુલાકાત કરાવી ત્યાં મંદિરની સાફ સફાઇ પુન: વિધિ કરવાની કામગીરી કરતો અને ગૌરંગ મહારાજ તથા વિનોદભાઇ કૌશિક સાહેબજી એ ડેડીયાપાડા એ.એન.બારોટ હાઇસ્કુલ માં ધોરણ ૧૦ થી ૧૨ સુધી ભણવા માટે એડમીશન અપાવ્યું ત્યાર બાદ ભણતા ભણતા અન્ય જવાબદારીઓ લીધી અને પુર્ણ વિશ્વાસથી કામકાજ કરતો થોડા મહીના પછી ઇનરેકા સંસ્થા ( ઇન્ટરનેશનલ રૂરલ એજ્યુકેશન એન્ડ કલ્ચરલ એસોસીએશન ની સ્થાપના કરવામાં આવી હતી ઇનરેકા સંસ્થાના પછી ડેડીયાપાડા નજીક ટીમ્બાપાડા ગામે ઇનરેકા સંસ્થામા જોડાયા ત્યારે સંસ્થાની શરૂઆતમાં સંસ્થાની જમીન સિવાય કંઇ ન હતુ પરંતુ વિશ્વાસ હતો અને ભગવાન પર ભરોશો હતો અને ત્યાં એક નાની ઝુપડી બનાવીને રહેવા લાગ્યો મારી સાથે ગોપાલભાઇ થાપા,નેપાળ, પ.બંગાળથી મલાઇરાઇ રોઇ ,ડો. તપન બેનરજી તથા સંસ્થાના સ્વામી ગૌરંગજી અને પ્રમુખશ્રી વિનોદકુમાર એમ,કૌશિક હરિયાણાથી બધાએ ઝુંબેશ કર્યો ૧૯૮૬થી શરૂઆતમા ઘણી મુશિબત આવી પરંતુ સફળ થવા માટે મહેનત ખુબ જ જરૂરી હોય છે હું ગામડાઓમા સર્વે કરવા માટે આખો દિવસ ખાધા વગર ૩૦ થી ૪૦ કિલોમીટર ચાલીને ગામડાઓમા લોકોથી મળતા અને હાલચાલ જાણતા ત્યારે લોકો પણ અમારી સેવા કરતા કેમકે તે સમય ખૂબ જ સારો હતો રાજકારણ પણ જાણતા ન

હતા  થોડા સમય પછી  સાયકલ લીધી અને ગામડાઓમા સર્વે કાર્ય ચાલુ રાખ્યુ અને સંસ્થાને સફળતા મળવા લાગી તેમ સરકારશ્રી તરફથી પણ સહકાર મળવા લાગ્યો  અને ઇનરેકા સંસ્થા ને ૧૦ વર્ષ  પછી ખુબ જ સફળતા મળી સ્કુલ હાઇસસ્કુલ ,આશ્રામશાળા ,કન્યા છાત્રાલય ,કુમાર છાત્રાલય  અને અન્ય કામો ગામડાઓમા ચાલવા લાગ્યા જેવા કે દુધમંડળી ,ખેડુત મંડળી  ખાતર ,બીયારણ તથા મહિલા મંડળોને ૪૦૦ થી ૫૦૦ ચાલુ થયા  અને દરેક મહિલા મંડ્ળીને   લોન સહાય ગામડે ગામડે ખુબ જ સારી કામગીરી  ચાલવા માંડી  અમને પણ ખુબ જ સફળતા મળી વિશ્વાસ જાગ્યો  હિંમત આવી  ઘણા સારા અનુભવો  અને સાથે સાથે કડવા અનુભવો  પણ થયા

હું પણ ઇનરેકા સંસ્થાનો ટ્રસ્ટી અને સંસ્થાનો મેનેજર તરીકે સંભાળ રાખતો હતો એટ્લે સંસ્થાના પ્રમુખશ્રી  વિનોદકુમાર કૌશિક સાહેબને ૨૦૦૯માં કન્યા શાળા તથા છાત્રાલય ની સ્થાપના કરી ગામ કોડબા તા સાગબારા જી. નર્મદા ખાતે જેકાબેન છીડીયાભાઇ વસાવા ના મકાનમા શરૂઆત કરી જેમા આદિમજુથ ની કન્યાઓ એટલે કે કોટવાળીયા ,કાથુડીયાઓની કન્યાઓને લેવાની હતી  એટલે સાગબારા ,ડેડીયાપાડા તાલુકાઓમાં સર્વે કરીને પહેલા વર્ષે ૩૫ થી ૪૦ ક્ન્યાઓથી શરૂઆત કરી ત્યારે શિક્ષણકાર્ય માટે શિક્ષીકા તરીકે રુકૈયાબેન એસ.વસાવા તથા કિન્તા એસ, ચૌધરી નુ ૨૦૦૯ થી નિમણુક કરવામા આવી હતી. ૨૦૦૯ થી ૨૦૧૪ સુધીમા ૮૦ થી ૯૦ આદિમજુથ ની કન્યાઓ ઇનરેકા સંસ્થા ડેડીયાપાડાના માધ્યમથી ચલાવવામા આવ્યુ. પરંતુ ૨૦૧૪ મા અચાનક ઇનરેકા સંસ્થા ના વડા શ્રી વિનોદકુમાર એમ. , કૌશિક એ. નિર્ણય લીધો કે હવે પછી શાળા બંધ કરવાનુ છે,. કારણ બતાવ્યુ કે હવે સંસ્થા પાસે ભંડોળ નથી અને સરકાર તરફથી સહાય મળવાની નથી તેથી ૨૦૧૪ થી સંસ્થા શાળા તથા છાત્રાલય બંધ કરવાના આદેશો આવ્યા. અને ૨૦૧૪ થી બંધ કરેલ ત્યારથી મે  ઇનરેકા સંસ્થા મા રાજીખુશી થી રાજીનામુ આપ્યુ. પરંતુ ઇનરેકા સંસ્થામા ૧૯૮૪ થી ૨૦૧૪ સુધી ઘણાસારા

અનુભવો થયા છે. ખુબ સારી પ્રેરણા મળી છે. જે બદલ ઇનરેકા સંસ્થા નો અને પ્રમુખશ્રી વિનોદકુમાર કૌશીક સાહેબનો ખુબ ખુબ આભાર માનુ છુ. કેમકે એમની સાથે ૧૯૮૪ થી ૨૦૧૪ સુધી ૩૦ વર્ષના સમયગાળા દરમ્યાન મને એમના તરફથી સારી પ્રેરણા મળી. એમને હુ ગુરુ નો દરજ્જો આપુ છુ.

## આભર ધન્યવાદ